# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત


એ-૩,જિલ્લા સેવા સદન-૨,અઠવાલાઇન્સ,સુરત.

**Phone No:** *(0261) 2662902*, **Fax No:** *2662902*, **Email id:** *suratdeo@gmail.com*


ક્રમાંકઃ બોર્ડ/હાજરી/૨૦૨૩-૨૪/ ૧૫૩૬૯ તા૦૪/૦૯/૨૦૨૩

પ્રતિ,

આચાર્યશ્રી,

તમામ સરકારી/ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ,

માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ,

જિ.સુરત.

વિષય :-રાષ્ટ્રીય ,આંતરરાસ્ટ્રીય કક્ષાએ ૫૫ એવોર્ડ વિજેતા ગુજરાતી ફિલ્મ "દિવાસ્વપ્ન" વિદ્યાર્થીઓ દેખાડવા બાબત.

સંદર્ભ :- પ્રા.શિ.નિયામક કચેરીનાં પત્ર ક્રમાંક:પ્રાશિની/છ-૨/સંકલન/૨૦૨૩/૨૮૮૪-૯૭૧ તા.૨૮/૦૮/૨૦૨૩

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, જાણીતા શિક્ષણવિદ શ્રી ગિજુભાઈ બધેકાની બુક "દિવાસ્વપ્ન" પર આધારિત ગુજરાતી ફિલ્મ કે.ડી.ફિલ્મ્સ પ્રા.લિ.અમદાવાદના પ્રોડક્શન હેઠળ બનાવવામાં આવેલ છે. ફિલ્મની સ્ટોરીમાં ભાર વગરના ભણતરની સાથે સાથે એક શિક્ષક્ વિદ્યાર્થીના જીવનમાં શુ પરિવર્તન લાવી શકે છે તે આધુનિક સમયમાં માં બાપના તેમના બાળકોના શિક્ષણ માટેના પડકારો અને તેનું સમાધાન જેવા વિષયો ખૂબ જ સારી રીતે આ ફિલમમાં વણી લેવામાં આવ્યા છે.

ઉક્ત વિગતે તમામ શાળાઓએ સ્વૈચ્છિક રીતે શાળાનાં બાળકો તેમજ સ્કૂલ સ્ટાફ આ ફિલ્મ નિહાળે તેવું આયોજન કરવું, જેથી વાલીઓને પોતાના સંતાનોને ફિલ્મનાં માધ્યમથી પણ નવો સંદેશો મળે.

નોંધ :- સ્કૂલની નજીકના થીએટર કે અન્ય વ્યવસ્થા માતે પ્રોડક્શન હાઉસ(નિર્માતા) નો સંપર્ક કરવો.

**કે.ડી.ફિલ્મ્સ પ્રા.લિ નાં સુરતના પ્રતિનિધિ : નિલેષ ભાખરે :74330 82808**

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ-સુરત

<u>નકલ રવાના જાણ સારૂ</u> : પ્રતિનિધિ,નિલેષ ભાખરે,સુરત

<u>બિડાણ</u> :- સંદર્ભદર્શિત પત્ર સામેલ

ક્રમાંક:પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૩/૨૮૮૪-૯૧
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં- ૧૨/૧, ડો. જીવરાજ મહેતા ભવન,
ગુ. રા. ગાંધીનગર. તા. ૨૮/૦૮/૨૦૨૩

પ્રતિ,

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

**વિષય:- રાષ્ટ્રીય- આંતરરાષ્ટ્રીય કક્ષાએ ૫૫ એવોર્ડસ વિજેતા ગુજરાતી ફિલ્મ 'દિવાસ્વપ્ન' વિદ્યાર્થીઓને દેખાડવા બાબત.**

**સંદર્ભ:-** શિક્ષણ વિભાગનો પત્ર ક્રમાંક:- ED/0659/07/2023 તા.૩૧/૦૭/૨૦૨૩

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનુ કે, સંદર્ભિતપત્ર સાથે સામેલ કે.ડી.ફિલ્મસ પ્રા. લિ. અમદાવાદના પ્રોડકશન હેઠળ બનાવવામાં આવેલી ગુજરાતી ફિલ્મ 'દિવાસ્વપ્ન' જાણીતા શિક્ષણવિદ શ્રી ગીજુભાઇ બધેકાની બુક 'દિવાસ્વપ્ન' પર આધારીત છે. ફિલ્મની સ્ટોરીમાં ભાર વગરના ભણતરની સાથે સાથે એક શિક્ષક વિદ્યાર્થીના જીવનમાં શુ પરિવર્તન લાવી શકે છે તે, આધુનિક સમયમાં પ્રાકૃતિક ખેતીનુ મહત્વ છે તે, આધુનિક સમયમાં મા બાપના તેમના બાળકોના શિક્ષણ માટેના પડકારો અને તેનું સમાધાન જેવા વિષયો ખૂબ જ સારી રીતે આ ફિલ્મમાં વણી લેવામાં આવ્યા છે.

ઉકત વિગતે ગુજરાતી ફિલ્મ 'દિવાસ્વપ્ન' સ્વૈચ્છાએ વિદ્યાર્થીઓ અને વાલીઓએ નિહાળવા બાબતે આપની કક્ષાએથી આ અંગે આપના તાબા હેઠળની તમામ પ્રાથમિક શાળાઓને જરૂરી સૂચના આપવા આથી જણાવવામાં આવે છે.

બિડાણ:- ઉપર મુજબ

નાયબ શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા.ગાંધીનગર

નક્લ રવાના . .
- શ્રી નરેશ પ્રજાપતિ, ડાયરેકટર, કે.ડી.ફીલ્મ પ્રાઇવેટ લિમિટેડ, વીશ્વઆર્કેડ, બીજો માળ, વાડજ, અમદાવાદ